

જમીન ફાળવવાની પ્રબળ માંગ સાથે વણકર સમાજે આરંભેલા ઉપવાસ આંદોલનના પ્રથમ દિવસે ૧૫૦૦ જેટલા આગેવાનોએ હાજરી આપી સમાજને જમીન આપવા સૂત્રોચ્ચાર કર્યા હતાં. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર અભિયાન માટે અનુભવ નિચોડવાતો

**જાહેર શૌચાલયોના નિર્માણ અને સંચાલન અંગે તરત જવાબદારી નક્કી કરો**



કોઈ પણ નગરની સુંદરતા અને સ્વચ્છતાનો મૂળભૂત આધાર તેના જાહેર સ્થળોએ ઉપલબ્ધ મૂતરડીઓ અને શૌચાલયો પર છે. આંતરરાષ્ટ્રિય મેગાસીટી બનવા જઈ રહેલા રાજધાનીના નગર એવા ગાંધીનગરમાં આ બાબતમાં શૂન્યાવકાશ પ્રવર્તે છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આ પ્રાથમિક બંધારણીય જવાબદારી છે, પરંતુ અસ્તિત્વના અઢી વર્ષ પછી પણ તેનું તંત્ર કશું પણ કરવા જાણે કે ઈચ્છાશક્તિ ધરાવતું જ નથી. તે પહેલાં સરકારી તંત્રે પણ જવાબદારી વહન કરવામાં ગલ્લાતલ્લાં જ કર્યા છે.

ગાંધીનગરના વિકાસ સાથે લોકો ખુલ્લામાં હાજતે જાય તે બાબત શરમજનક બની. ૨૦૦૬માં બિનઉપયોગી મૂતરડીઓ તોડીને, સાત જેટલી રીનોવેટ તો કરવામાં આવી, પરંતુ તેના સંચાલનની જવાબદારી સંભાળવા તંત્ર એજન્સી નક્કી ન કરી શક્યું. પરિણામે તેને તાળાં જ લાગેલાં રહ્યાં.

આજે પણ ઘ-૨, સેક્ટર-૬ મેદાન, સેક્ટર-૨૮, સેક્ટર-૨૧ વગેરેની નવનિર્મિત મૂતરડીઓ બંધ હાલતમાં છે, આ નગરની શરમ ગણાવી જોઈએ. આ વિસ્તારમાં રહેતા મજૂર પરિવારોના સભ્યો અત્યારે જાહેરમાં મળ-મૂત્ર કરે છે. ચંદીગઢ મનપા ૭૫ જાહેર શૌચાલયો અને ૪૨ મોબાઈલ શૌચાલયોનું સંચાલન કરે છે.

અમદાવાદ-ગાંધીનગરની યોગ્ય સ્વૈચ્છિક સંસ્થા-એનજીઓને આ જવાબદારી સોંપી શકાય. અથવા સરકાર મનપાને સોંપીને યોગ્ય વ્યવસ્થા કરવા આદેશ કરી શકે.

ગંદકી સામાજિક બદી છે. નગરને પછાત રાખે છે. નાગરિકો રોગોના ભોગ બને છે. આરોગ્ય પાછળ સરકારી તંત્રે નાણાં ખર્ચવા પડે છે. નાગરિકોનો પણ સમય, શક્તિ, નાણાનો વ્યય થાય છે. આ પ્રશ્નને તાકીદનો ગણીને સમયમર્યાદામાં તેનો ઉકેલ આવે તે અત્યંત જરૂરી છે. નાગરિકોને પોતાના બંધારણીય હક્કો અને સેવાઓ મેળવવા માટે કોર્ટ દ્વારા આદેશ મેળવવા પડે તેવી સ્થિતિનું નિર્માણ, આશા છે નહિ થાય.

મનપાના નગરસેવકોએ આ જવાબદારી ગંભીરતાપૂર્વક ઉપાડી લઈ લોકોની ઈચ્છા સંતોષવી જોઈએ. નગરસેવકોની ગ્રાન્ટમાંથી મૂતરડીઓ-શૌચાલયનું નિર્માણ અને સંચાલન થાય તે પ્રમાણે નિયમો સુધારવા જોઈએ. આ ગ્રાન્ટમાંથી ખરીદાતા બાંકડાઓની સંખ્યા હવે બહુ થઈ ગઈ છે. તેનો આ સુંદર વિકલ્પ બની શકે.

**- શ્રી અરૂણ બૂચ, સે. ૨૦**
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ

**ગંદકીના પ્રશ્ને મનપા દિશાશૂન્ય કોઈ આયોજન જ નથી**

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર અને લોક પ્રતિનિધિઓ સાથે નગરની સફાઈના મુદ્દે અનેક વખત સંસ્થાઓના પ્રતિનિધિઓએ ચર્ચાઓ કરી છે. તેમજ વિવિધ સૂચનો કર્યા છે. પરંતુ ઈચ્છાશક્તિના અભાવે કોઈ આયોજન જાહેર કરાતું નથી કે સંકલિત પગલાં લેવાતાં નથી. એવું લાગે છે કે તેઓ જન-આંદોલન ફાટી નીકળે તેની રાહ જૂએ છે.

ગાંધીનગરનો શિક્ષિત જનસમુદાય ઈચ્છે છે કે સ્વચ્છતાના પ્રશ્ને મનપાનું આયોજન તાત્કાલિક જાહેર કરવામાં આવે; જેમાં નીચેની બાબતોનો સમાવેશ હોય.

કચરાની પેટીઓ ચોક્કસ અંતરે મૂકવામાં આવે. અત્યારે તેની સંખ્યા ઘણી ઓછી છે. આ પેટીઓ ઢાંકણા સાથેની હોય.

કચરા પેટી નિયમિત ઉપાડવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવે. તેની આજુબાજુના રહેવાસીની પેટી બદલ્યાની તારીખ સાથે સહી મેળવી ડાયરી નિભાવવામાં આવે. આવી ડાયરીની અધિકારીઓ દ્વારા દર મહિને ચકાસણી કરવામાં આવે. કચરા પેટી કેટલા સમયાંતરે બદલાવવામાં આવશે તેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવે.

કચરાપેટીની આજુબાજુનો ૧૦ મીટરનો વિસ્તાર સ્વચ્છ બનાવવામાં આવે, જેથી લોકો કચરાપેટી સુધી જઈ શકે. કચરાપેટીને પણ સમયાંતરે પાણીથી ધોવામાં આવે જેથી તેમાંથી ખરાબ વાસ ન આવે.



સેનીટરી સુપરવાઈઝરની મુલાકાતનો કાર્યક્રમ સમય અને વાર સાથે કચરાપેટી પર જ લખવામાં આવે. આથી તેમના પર સામાજિક દબાણ ઉભુ થશે. જવાબદારના મોબાઈલ નંબર પણ દર્શાવી તંત્રને પારદર્શી બનાવી શકાય.

સ્વચ્છતા સામેની લડાઈમાં લોકો સહયોગી બનવા તત્પર છે, પરંતુ મનપાએ એ ન ભૂલવું જોઈએ કે આ સેવાઓ મેળવવાનો લોકોનો બંધારણીય અધિકાર છે. આ માટે લોકોએ નગરસેવકોને ચૂંટ્યા છે અને ભારે ટેક્ષ પણ ભરે છે. લોકો પોતાના પરિવારના આરોગ્ય માટે ચિંતિત છે અને તે માટે મનપા યુદ્ધના ધોરણે પગલાં ભરે તે આજની તાતી જરૂરિયાત છે.

**- લવજીભાઈ વાડિયા, સે. ૭**
પ્રમુખ, જાગૃત નાગરિક પરિષદ

**સરકારી ખાલી પ્લોટની સફાઈનો ગંભીર પ્રશ્ન**

ગાંધીનગરના રાજમાર્ગ ચ રોડ પર ચ-૦ થી ચ-૩ સુધી રોડને સમાંતર સરકાર હસ્તકના પ્લોટ આવેલા છે. આ પ્લોટ્સની જગ્યા કચરો નાખવાની જગ્યા બની ગઈ હોય તેવું લાગે છે. કોર્પોરેશનના સફાઈ કામદારો આ જગ્યા સાફ કરતા નથી. તેમનું કેહવું છે કે તેઓએ આવી જગ્યા સાફ કરવાની નથી.

સરકાર હસ્તકના આ પ્લોટોનો ઝડપથી નિકાલ કરવામાં આવે તો ગંદકીનો પ્રશ્ન ઉકલે. આ વિસ્તારમાં સામાન્યતઃ સિનિયર સિટિઝન્સ રહે છે. અત્યાર સુધી તો ખર્ચ કરીને પણ તેઓ સ્વચ્છતા જાળવવા પ્રયત્ન કરતા હતા, પરંતુ સમય જતાં ઉંમરની મર્યાદાને કારણે તે પણ શકય રહ્યું નથી. ગંદકીને કારણે રોગના ભોગ બને છે.

દરમિયાન ગાંધીનગર મહાનગર પાલિકાના સેનીટરી સુપ્રિન્ટેન્ડેટ આ વિસ્તારની મુલાકાત લઈને સફાઈ કામદારોને જરૂરી સૂચના આપે તે આવશ્યક છે.

ચ માર્ગ પર ૭-૮ ક્રોસ રોડ પર વારંવાર અકસ્માતો થાય છે. ચ-૦ થી ચ-૩ સુધી ચ માર્ગની બન્ને બાજુ સર્વીસ રોડ બનાવવામાં આવે તો કિંમતી ઝિંદગીઓ બચી શકે તેમ છે.

**- કલ્પનાબહેન રાવલ, સે. ૮**

**લોકસંસદ**
આવો, સહચિંતન કરીએ
**જ્યોતીન્દ્ર દવે**
મો : ૯૭૨૬૦૬૦૬૭૩
Email : jyotindradave@gmail.com

સ્વચ્છતા જાળવણી અત્રેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે.
- તંત્રી

# ઘ-૩-સત્યાગ્રહ છાવણીમાં વણકર સમાજના આગેવાનોએ જમીન ફાળવવા સૂત્રોચ્ચાર કર્યા

## આંદોલનના પ્રથમ દિવસે સમાજના ૧૫૦૦ સભ્યો જોડાયા

ગાંધીનગર, તા.૨૪

જમીન ફાળવવાની પ્રબળ માંગ સાથે વણકર સમાજે આરંભેલા ઉપવાસ આંદોલનના પ્રથમ દિવસે ૧૫૦૦ જેટલા આગેવાનોએ હાજરી આપી સમાજને જમીન આપવા સૂત્રોચ્ચાર કર્યા હતાં.

ગાંધીનગર શહેરમાં જમીન ફાળવવાની માંગણી સંતોષવા વણકર સમાજે સરકાર સામે એક મહીનાના ઉપવાસ આંદોલનના માધ્યમથી લડત આપવાનું શરૂ કર્યું છે. ઉપવાસ આંદોલનના પ્રથમ દિવસે સે-૬ની ઉપવાસી છાવણીમાં સમાજના ૧૫૦૦ જેટલા સભ્યો જોડાયા હતા.

સમાજના પ્રમુખ પી.જે. પરમાર અને પ્રવકતા મૂળજી પરમારના જણાવ્યા મુજબ ઉપવાસ આંદોલનના પ્રથમ દિવસે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ શહેર અને જિલ્લાના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ તબક્કે સમાજને જમીન ફાળવણીની માંગણીના ટેકામાં સૌએ સમર્થન આપ્યું હતું. ઉપવાસ આંદોલનમાં આઈ.પી.એસ. ડૉ. રાજન પ્રિયદર્શી, નિવૃત્ત ડી.જી.પી. પણ ઉપસ્થિત રહ્યા હતા. સત્યાગ્રહ છાવણીમાંથી સમાજને જમીન ફાળવવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. સમાજના આગેવાનોએ સરકાર પ્રત્યે રોષની લાગણી વ્યકત કરી હતી.

# કમાલબંદ વાસણામાં જમીન મામલે એ શખ્સ પર ધારિયા વડે ખૂની હૂમલો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કમાલબંદ વાસણા (બહીયલ) ગામે દેવીપૂજક સમાજના બે પરિવાર વચ્ચે જમીન બાબતે તકરાર થતા બે સગા ભાઈઓએ જમીનના માલિક અને ફરિયાદી પર ધારિયા વડે ખૂની હૂમલો કર્યો હતો જેથી જમીન માલિકને બેભાન હાલતમાં ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે દહેગામ પોલીસે બે શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દહેગામ તાલુકાના કમાલબંધ વાસણા (બહીયલ) ગામ આવેલ છે. જ્યાં અરવિંદભાઈ ડાહ્યાભાઈ દેવીપૂજક પોતાના પરિવાર સાથે રહે છે. અને નજીકમાં જમીન ધરાવે છે. અને જમીન પણ તેમના નામે આ જમીન બાબતે તેઓએ થોડા સમય પહેલા દહેગામ પોલીસમથકમાં વાંધા અરજી પણ કરી હતી. બાદમાં એક માસ પછી ગત રોજ આ જમીન મામલે બાજુમાં જ રહેતા બે સગા ભાઈઓ રમણ શંકરભાઈ દેવીપૂજક અને કાળાભાઈ શંકરભાઈ દેવીપૂજકે અરવિંદભાઈને ખરાબ ખરાબ ગાળો બોલી ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. જમીન મામલે તકરાર થતા મામલો ઉગ્ર બનતા રમણ અને શંકર દેવીપૂજકે ઢોર માર મારી અરવિંદભાઈ પર ધારિયા વડે હુમલો કર્યો હતો.

જેથી તેમના શરીરે ઈજાઓ થતા લોહી લૂહાણ હાલતમાં નાખી નાશી છૂટ્યા હતા. બાદમાં ઘાયલ અરવિંદભાઈને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર અને પછી અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની હાલત નાજુક હતી. આ મામલે દહેગામ પોલીસે બે શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ.જે. પટેલ ચલાવી રહ્યા છે.

# જલારામ સેવા સમાજનો ૧૮મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા જલારામ મંદિર સે. ૨૯ ખાતે ૧૮મો પાટોત્સવ કારતક વદ-૧૩ તા. ૧ ડિસેમ્બર રવિવારે ઉજવવામાં આવશે.

જલારામ સેવા સમાજ અને પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે. ત્યારે જલારામ સેવા સમાજ સે. ૨૯ દ્વારા ૧૮મો પાટોત્સવ ઉજવવામાં આવશે. જેમાં પાટોત્સવની સાત્વિક પૂજામાં સહભાગી થવા ઈચ્છતા સભ્યોએ મેનેજર પાસે નામ નોંધાવવા જણાવાયું છે. તેમજ ધ્વજારોહણ કરવામાં આવશે.

પાટોત્સવમાં જલારામ સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણી, અરવિંદભાઈ ઠક્કર, કિશોરભાઈ હિંડોચા, શૈલેષભાઈ મજેઠિયા, રમેશભાઈ પુંજારા, ભક્તિકાંત કારિયા તેમજ કારોબારી સભ્યો ઉપરાંત અનેક આમંત્રિત મહેમાનો જોડાશે.

# બ્રહ્માકુમારી સેવા કેન્દ્રના ૩૪માં વાર્ષિકોત્સવ પર આંતરિક વિકાસના વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૨૪

પાટનગર ખાતે આવેલી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે બ્રહ્માકુમારી સેવા ફાઉન્ડેશનના નેજા હેઠળ સમાજના તમામ વર્ગની આધ્યાત્મિક શિબિરો ગોઠવવામાં આવતી હતી. આધ્યાત્મિક મેળો, તનાવ મુકત જીવન શિબિર શિવ સંદેશની ચોપડીઓનું વિતરણ, વિભિન્ન આધ્યાત્મિક ઝાંખીઓ તેમજ અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવતા હતા.





કેન્દ્રના ૩૪માં વાર્ષિકોત્સવ પર આંતરિક વિકાસના વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા હતા.

શહેરમાં બ્રહ્માકુમારી દ્વારા આધ્યાત્મિક સેવાઓની શરૂઆત બાલ બ્રહ્મચારી રાજુભાઈ શાહના સે-૧૬ ખાતે સરકારી મકાનમાં ૧૯૭૫માં કરવામાં આવી હતી. જેમાં પાટનગરના લોકમાનસની આધ્યાત્મિક જ્ઞાનની તીવ્રતમ ચાહત અને માંગને લઈ ૧૯૮૦માં સરકાર દ્વારા સે-૨૮ ખાતે જમીન ફાળવી ત્યાં શિવશકિત ભવનનું નિર્માણ કરવામાં આવ્યું.

ઈશ્વરીય સેવાના ૩૪ વર્ષ દરમિયાન સંસ્થાએ સેકટરે સેકટરે, ગામડે-ગામડે ફરીને રાજયોગ એજયુકેશન એન્ડ રીસર્ચ

પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા ચિલોડા, ઉર્જાનગર-૨ અને સે-૨-સી ખાતે આધ્યાત્મિક સેવા કેન્દ્રોનું નિર્માણ પણ કરવામાં આવ્યું. તેમજ સંસ્થા દ્વારા ગાંધીનગરના ૫૦ જેટલા ગામડાઓમાં ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના કલાસ ચલાવવામાં આવે છે.

૩૪માં વાર્ષિકોત્સવ નિમિત્તે સે-૨૮, ચિલોડા, ઉર્જાનગર, સે-૨ ખાતે કાર્યરત સેવા કેન્દ્રો ચલાવવામાં આવતા ૫૦ જેટલા ગીતા પાઠશાળાની ૨૩ નવેમ્બરના રોજ બ્રહ્માકુમારી ટીચર બહેનો ડેવલપમેન્ટ કાર્યક્રમમાં ૩૦ બહેનો અને ૧૦૦ જેટલા કુમારોએ ભાગ લીધો હતો. પેટ્રોલીયમ યુનિવર્સિટી નજીક આવેલ લિંબચ માતાના મંદિર ખાતે બ્રહ્માકુમારી ભાઈ બહેનોના સંગઠિત ભઠ્ઠીનું ઉદઘાટન મેયર મહેન્દ્રસિંહ રાણા અને આબુથી પધારેલ રાજયોગી બી.કે. રાજુભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

# રાંધેજામાં જમીન મામલે મંદિર ટ્રસ્ટી પર હુમલો કરનાર ચારેય આરોપીઓ વોન્ટેડ

**ગાંધીનગર, તા.૨૪**

**ગાંધીનગર નજીક રાંધેજા ગામે રામજી મંદિર ટ્રસ્ટની જમીનના ખોટા દસ્તાવેજો બનાવી રાંધેજા ગામના જ એક શખ્સને વેચી મારવાના મામલામાં બે દિવસ અગાઉ ચાર શખ્સોએ ટ્રસ્ટી વિનુભાઈ પ્રહલાદભાઈ પટેલ પર લાકડી વડે હુમલો કરી નાસી છૂટયા હતા. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પરંતુ ૩-૩-દિવસ વિતી ગયા છતાં પણ ચારે ચાર વોન્ટેડોનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી.**

**પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક રાંધેજા ગામે બે દિવસ અગાઉ રામજી મંદિર ખાતે આવેલી મંદિર જમીન પર ખોટી રીતે બાંધકામ કરવા બાબતે ચાર શખ્સોએ મંદિરના ટ્રસ્ટી સાથે ઝઘડો કરી લાકડી વડે હુમલો કર્યો હતો. અને બાદમાં ગડદાપાટુનો ઢોર મારી મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી અને સ્થળ ઉપરથી નાસી છૂટયા હતા. બાદમાં આ સંદર્ભે વિનુભાઈ પટેલે પેથાપુર પોલીસ મથકે રાંધેજામાં જ રહેતા અને હુમલો કરનાર શખ્સો મુકેશ રબારી, શૈલેષ રબારી, જીવણ રબારી અને દિનેશ પટેલ વિરુધ્ધ ફરિયાદ આપતા પોલીસે તેમની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ હજુ સુધી પોલીસ આ વોન્ટેડ આરોપીઓને પકડવામાં નિષ્ફળ નિવડી છે.**

## આનંદનો ગરબો

માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના સુર મધુર કંઠે કોકીલાબેન ધનજીભાઈ પરમારના નિવાસ સ્થાન પ્લોટ નં. ૫૭૧/૨, સે-૩-સી ખાતે તા. ૨૬ નવેમ્બરના મંગળવાર બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો રાખેલ છે. આ ગરબામાં ભાવિ ભકતોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૫૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ક્રીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૨ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. સેંધાભાઈ સોમાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૫) પ્રજાપતિવાસ, આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. કંકુબેન હરિભાઈ પટેલ (ઉ.વ. ૮૫) મુ.પો. કાંઠા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. અરજણભાઈ આતાજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. મહુન્દરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઉજમબેન શાંતિલાલ દાણી (ઉ.વ. ૮૪) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પૂંજીબેન મોનાભાઈ વાઘેલા (ઉ.વ. ૯૦) મુ.પો. જલુંદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મનુભાઈ ચંપાભાઈ દંતાણી (ઉ.વ. ૪૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ મફતભાઈ પટેલ (ઉ.વ. ૫૮) બ્લોક નં. એમ/૧૬/૧૮૧, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સે.-૧૪, ગાંધીનગર.
- સ્વ. રિદ્ધિબેન જગતસિંહ રાણા (ઉ.વ. ૧૭) મુ.પો. નવા ધરમપુર (ભુંડીયા), તા., જિ. ગાંધીનગર.